R.N.I.No. : 11555 / 1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 56 - Issue No. 5

August - 2013

PRIAJENE (પ્રીઅજેને) HALL માટે

## શ્રીમતી સુધાબેન તથા પ્રવીણચંદ્ર કોદરલાલ શાહ (પી.કે.) દ્વારા રૂા. એક કરોડનું માતબર યોગદાન



ડાબેથી જેસીકા, પ્રીતી, અમી અને નેહા પોતાના માતા પિતાશ્રીમતી સુધાબહેન તથા શ્રી પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ (પી.કે.) સાથે

આપણા સમાજની ૮૫ વર્ષથી કાર્યરત સંસ્થાઓમાંની એક સંસ્થા (શ્રી બાલાસિનોર નવયુવક સંઘ)ને રૂા. ૧ કરોડ જેવી માતબર રકમનું યોગદાન એ આપણા સુહ માટે એક વિરલ ઘટના છે. મીતભાષી શ્રીમતી સુધાબહેન તથા શ્રી પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ (પી.કે.) દ્વારા આ અમુલ્ય યોગદાન એમની ચાર પુત્રીઓ પ્રીતી, અમી, જેસીકા તથા નેહાના પ્રથમાક્ષરો પરથી PRIAJENE (પ્રીઅજેને) HALL માટે અપાયેલ છે.

પ્રમુખઃ કલ્પેશ સુ. ધારીઆ

મંત્રીઃ ભાવેશ બી. મોદી

# SHREE BALASINOR NAVYUVAK SANGH

Circular No. 3/2013 7th August 2013



**2 YEAR PROJECT**

**PRESIDENT**

**Kalpesh S. Dharia**

**(Balbal)**

**M : 9820183907**

**HON. SECRETARY**

**Bhavesh B. Mody**

**M : 8879422304**

## APPEAL

## SIX DONORS OF ₹25 LAKHS FOR SIX UNITS

It gives us immense pleasure to acknowledge the donor for Rs 1 crore who responded spontaneously to our appeal made in July, 2013 edition of Jyoti Punj for acquiring a community hall for Balasinorians in the city of Mumbai..

The path has been made easy but the goal is yet to be reached. In order to achieve the goal of acquiring a community hall and as per our last circular regarding various other schemes for the balance fund of Rs. 2.75 crore.

### We propose the following:

**A scheme of inviting donations in multiples of Rs 25 lakhs i.e six units of Rs. 25 lakh each. Each donor will be honored with a name embossed along with the photo as per donor's wish, which is to be framed in the community hall for the patrons to offer their heartfelt gratitude.**

*'We only have what we give.'*



Propossed Community Hall

**For any information contact following persons:**

Rajnikant K.Kadakia (Dhariwala)
M:+91 9820616469

Pravinchandra.K.Shah (P.K.)
M:+91 9821575238

Daxesh.B.Kadakia (Latkari)
M: +91 9833176158

Kalpesh.S.Dharia(Balbal)- President
M:+91 9820183907

Bhavesh B. Mody(Thasrawala)- Secretary
M:+91 8879422304

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૭ | ૦૫ | ૨૦-૦૮-૨૦૧૩ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / દેવાંગ મોદી

જીગર કડકીઆ / બંકિમ પરીખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

✤✤✤

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

✤✤✤

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

✤✤✤

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# વાત એક સ્વપ્ન દ્રષ્ટાની

**- નિખિલ પરીખ**

“સપનાં’ આપણી ભાષાનો સૌથી કન્ફ્યુઝીંગ શબ્દ છે. એની કોઈ પણ સ્પષ્ટ વ્યાખ્યા નથી. સામાન્ય રીતે રાતે સૂઈ ગયા પછી સવાર સુધીમાં સુષુપ્ત મનના પડદે જે પિકચર દેખાય એને આપણે સપના કહીએ છીએ. આપણે ત્યાં કદાચ સારા અને ખરાબ સપના માટે અલગ અલગ શબ્દો નથી પણ અંગ્રેજીમાં Dream અને Night mere જેવા બે શબ્દો છે. એમ તો સામાન્ય રીતે સપનાં દિવસ દરમ્યાન થયેલી ઘટનાઓનું અનુસંધાન હોય છે, કે પછી સુષુપ્ત મન દ્વારા એ ઘટના ઓનું પૃથ્થકરણ, પણ મોટે ભાગે એ સ્પષ્ટ નથી હોતું. ઘણા વૈજ્ઞાનીકોએ સપનાઓ ઉકેલવાના પ્રયત્નો કર્યા છે. સપનામાં આગ દેખાય તો એનો મતલબ આને પાણી દેખાય તો બીજો કેટલાંક સપનાઓના પૃથ્થકરણ પરથી ભવિષ્ય વાણી પણ કરે છે. પરંતુ સપના જોનારા જો છઠ્ઠી ઈન્દ્રીય ધરાવતાં હોય અને ભવિષ્યમાં થનાર ઘટનાઓના સિગ્નલ ઝીલી શકતો હોય તોજ ભવિષ્યવાણી શક્ય બને. આપણે સામાન્ય માણસોને પણ ક્યારેક કેટલીક પળો માણીએ ત્યારે થતું હોય છે કે આ દ્રશ્ય, આવીજ ઘટના મેં પહેલાં કયારેક જોઈ છે. આ ઘટનાને અંગ્રેજીમાં દેજાઉ (Deja-vu) કહે છે. મનની આ એક બહુજ સૂક્ષ્મ સિદ્ધિ છે. ભવિષ્યમાં ઝાંકવાની, હું માનું છું, દુનિયાનું સંચાલન કરનાર શક્તિએ બધાજ માનવીના સંપૂર્ણ જીવનનું પિકચર બનાવી જ રાખ્યું હોય છે. એ ઘટનાઓ બનતાં પહેલાં પણ જોઈ શકાય, પરંતુ એ માટે મનને યોગ અને ધ્યાન દ્વારા ખુબજ કેળવવું પડે. આપણા બધાનું મન મોબાઈલની ભાષામાં Out of Range છે.

બે ચાર સિગ્નલ મળે તો એકાદ ફોટા જેટલું દ્રશ્ય દેખાય એને દેજાઉ કહેવાય છે. કેટલાંક સિદ્ધ પુરુષોને એકાદ સિન દેખાય અને એના પરથી આખા પિકચરની વાર્તા બનાવવાની કોશિષ થાય અને સાચી ખોટી આગાહીઓ થાય. વિશ્વ તારાજ થવાની આગાહીઓની ઘણી બધી તારીખો આવા લોકોએ આપી હતી. પણ એમને એટલું જ કહેવાનું કે 'પિકચર અભી બાકી હૈ મેરે દોસ્ત'. આપણે પાછા સપનાઓ ઉપર આવીએ. કહેવાય છે કે વહેલી સવારે જોયેલા સપનાઓ સાચા પડે. કદાચ રાતની ઉંઘ પછી મન શાંત થઈ ગયુ હોય અને થોડા વધુ સિગ્નલ ઝીલી શકતું હોય એવું બને પરંતુ રાતના કે દિવસે સુતા સુતા જોયેલા સપનાઓનું કોઈ મહત્વ નથી હોતું. ખરું મહત્વ છે દિવસે જોયેલાં, જાગતાં જોયેલા સપનાંઓનું. આ પૃથ્વી ઉપર બનતી દરેક ઘટના, દરેક શોધ, દરેક પ્રવાસ, દરેક સફળતાં દરેક ઉપલબ્ધિ પાછળના મૂળમાં એક સપનું બીજ બનીને છુપાયું હોય છે. સપના વગર સફળતાં શક્ય જ નથી. જોકે સપના પછી જો એને સાકાર કરવાનું પલાનીંગ કે સખત મહેનતનો સાથ ન મળે તો એ સપના માટે એક સરસ શબ્દ છે. 'દિવા સ્વપ્ન'. લાખો નિષ્ફળ માણસો આવા દિવા સ્વપ્નમાં રાચતાં હોય છે અને સફળ માણસો સખત અને સતત મહેનતથી એને સાકર કરતાં હોય છે. જેમ સપનાં મોટા એમ મહેનત વધુ. સ્કૂલની રેસમાં જીતવા માટે જેટલી મહેનત જોઈએ એના કરતાં સ્ટેટ લેવલની રેસમાં વધુ મહેનત અને લગનની જરૂર પડે છે. ઓલિમ્પીક જીતવાનું સપનું જોનારા બહુ થોડા લોકો હોય છે. પણ એમાંનાં બધા જ સખત મહેનત કરતાં હોય છે. એટલે એમાં Passion વધુ મહત્વની બને છે. દરેક જણ સફળ ન થાય એ જોઈને માણસે એ સપના જોવાનું બંધ ન કરવું જોઈએ. કારણ કે ઓલિમ્પીક નહી તો National લેવલ ઉપર તો સફળતાં મળે જ. આમ મારી દરેક યુવાનોને સલાહ છે કે સપના હંમેશા મોટા જ જોવા જોઈએ આપણે દસમા માળે પહોચવાનું સપનું જોયું હોય તો બહુ બહુતો ૯મે માળે પહોંચી શકાય પણ ૧૦૦ મા માળનું સપનું જોનાર ભલે ૫૦ મા માળે અટકી જાય, ઉપલબ્ધિ વધુ જ હશે. નિશાનચુક માફ નહી માફ નીચું નિશાન'. જોકે સપનાઓ અને મહેનત પછી જેટલું મળે એટલું સ્વીકારવાની તૈયારી તો રાખવીજ પડે. એકાદ નિષ્ફળતા મળ્યા પછી મહેનત કરવાનું કે સપનાઓ જોવાનું બંધ કરે ત્યારે સમજી જવાનું કે એ ઘરડો થઈ ગયો છે.

ઘણા લોકો ફક્ત પોતાની સિદ્ધિના નહી પણ સમુહ સિદ્ધિના સપનાઓ જોતા હોય છે. એમના સપનાઓને સમજવાની તાકાત એટલી મોટી હોય છે કે આજુબાજુના લોકોને પણ પોતાના સપનાઓ પુરા કરવામાં સાથે લઈ શકે છે. ગાંધીજી એ દેશની આઝાદીનું આવું જ એક સપનું જોયું હતું અને એમના એ સપનામાં એવી તીવ્રતા હતી કે એમણે એમાં આખા દેશને જોડીને એને લાખો માણસોનું એક કોમન સપનું બનાવી દીધુ. એમની એ Passion ઉપર હજારો લોકોએ પોતાના જાન પણ કુરબાન કરી દીધા. આવા વીરલાંઓમાં નેલ્સન મંડેલા પણ આવે. અને નેપોલીયન પણ આવે. દુનિયાનો દરેક ઈતિહાસ આવા સ્વપ્ન દ્રષ્ટાઓની કહાનીઓથી જ શક્ય બન્યા છે. અને ગીનીઝ બુક પણ એ લોકોની સિદ્ધિઓની જ સાક્ષી પુરે છે.

આ બધી વાતો તો થઈ વ્યક્તિગત સપનાઓની. કેટલાંક સપનાં લોક સમુહના સપનાં હોય છે. બાલાસિનોરના વડીલોએ બાલાસિનોરવાસીઓ માટે હોસ્પીટલ, સ્કૂલ, ગ્રાહક મંડળી, મેડીકલ સેન્ટરની સાથે સાથે મુંબઈમાં એક વાડી અથવા એક હોલનું સપનું પણ જોયું હતું. આ સપનું સમગ્ર બાલાસિનોરવાસીઓનું સમૂહ સપનું હતું. કેટલાંયે કારણોસર આ સપનું આજ

સુધી પુરુ થયુ ન હતું. મુંબઈમાં વધતાં જગ્યાના ભાવથી વાડીનું સપનું તો પુરુ થાય એવી કોઈ શક્યતા જ રહી નથી પરંતુ હાલમાં શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસનું બિલ્ડીંગ રીડેવલપમેન્ટમાં જવાનું હોવાથી આપણું એક હોલનું સપનું પુરુ થવાની શક્યતા ઉભી થઈ છે. છેલ્લાં લગભગ ૨૦ વર્ષથી આપણા જગ્યા માટેના પ્રયત્નો ચાલુ છે અને આ પ્રયત્નો સતત થતાં રહે એ માટે એક વ્યક્તિ કહો કે આદુખાઈને પાછળ પડી ગઈ હતી. સંઘની દરેકે દરેક મિટીંગોમાં એમનો એક પ્રશ્ન હંમેશા રહેતો. 'આપણી જગ્યાનું શું થયું ?' આમ જ્યારે પૈસાનો પ્રશ્ન આવે ત્યારે તેઓ કહેતાં 'બધું થઈ રહેશે. આપણે ત્યાં પૈસા વગર કોઈ કામ આજ સુધી અટક્યું છે ? એમને સંઘ દ્વારા જગ્યા શોધન સમિતિના ચેરમેન પણ બનાવવામાં આવેલા અને એમણે યોગ્ય જગ્યા શોધવા અનેક પ્રયત્નો કરેલા. એમની આપણું સમૂહ સપનું પુરુ કરવાની તીવ્ર ઈચ્છાથી આજે સંઘને હોલ મળવાની શક્યતા ઉભી થઈ ત્યારે આ સ્વપ્ન દ્રષ્ટા વ્યક્તિએ પોતાના તરફથી આજ સુધીના બાલાસિનોરના ઈતિહાસનું સૌથી મોટું દાન (રૂા. એક કરોડ) પોતાના તરફથી નોંધાવ્યું છે. સાડા ત્રણ કરોડની જરૂરિયાત આમ પોતાની મંજીલ તરફ ઝડપથી પૂરી થવા તરફ જઈ રહી છે. આશા રાખીએ અન્ય બાલાસિનોર વાસી દાતા ઓ તરફથી આને વેગ મળશે અને આપણું સમૂહ સપનું જરૂરથી પૂરું થશે.

હા, આ સ્વપ્ન દ્રષ્ટા શ્રી પ્રવીણચંદ્ર કોદરલાલ શાહે (પી.કે.શાહ) પોતાનો માતબર ફાળો સ્વપ્નપૂર્તિ માટે નોંધાવી બાલાસિનોરના દરેક દાતાઓને સંદેશો મોકલ્યો છે. 'ભાગ દાતા ભાગ' હવે તો જગ્યા લીધા વગર અટકવું નથી જ. દાતાઓના પ્રતિસાદની રાહ જોવાઈ રહી છે. ❖❖❖❖❖

# શ્રીમતી સુધાબેન અને પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ (P.K.) નું સંસ્થાને રૂા. ૧ કરોડનું અમુલ્ય યોગદાન



બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આપણા નવા નિર્માણ થઈ રહેલ Community Hall ના નામકરણ માટે રૂા. ૧ કરોડની ટહેલ નાખવામાં આવી હતી. પ્રતિસાદમાં સમાજ પ્રત્યે પ્રેમ અને આદર ધરાવનાર **શ્રી પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ (P.K.) અને તેમના ધર્મપત્ની શ્રીમતી સુધાબેને રૂા. એક કરોડનું માતબર દાન** આપવાનું વચન આપ્યું છે. P.K. ના હુલામણા નામથી ઓળખાતા સેવાભાવી અને પ્રભાવશાળી સ્પષ્ટ વકતા શ્રી પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ તથા પ્રેમાળ અને સમાજ સેવાનો ઉત્તમ ભાવ ધરાવનાર તેમના ધર્મપત્ની શ્રીમતી સુધાબેનનું તા.૨૮-૮-૨૦૧૩ના રોજ સંઘના હોદ્દેદારો, માનદ્ સભ્યો તથા શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) R.K. તેમના નિવાસસ્થાને હાજર રહ્યાં હતાં અને પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ અને શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) એ તેમના કુટુંબીજનોની હાજરીમાં તેમને પુષ્પગુચ્છ અર્પણ કર્યું હતું.

**તેમની ચાર પુત્રીઓ પ્રીતી, અમી, જેસિકા અને નેહાના પ્રથમ અક્ષર પરથી**

**PRIAJENE (પ્રીઅજેને) Hall**

**Dedicated by**

**Sudhaben & Pravinchandra K. Shah (P.K.)**

નામ તેમને પ્રસ્તુત કર્યું. જેનો સંસ્થાએ સાભાર સ્વીકાર કર્યો. સર્વ કુટુંબીજનોની હાજરીમાં શ્રી પી.કે. શાહે ૨૫ લાખ નો ચેક પ્રેરણા પ્રતિક સ્વરૂપે સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ ધારિયાને સુપત્ર કર્યો.

**લી. મંત્રી – ભાવેશ બી. મોદી (ઠાસરાવાળા)**

**'અબ યાદ કરને કો આસમાં તો સિર્ફ એક હી હૈ યહા!**
**વોતો કુછ બાદલ થે જો ગરજકર બરસકર ચલદીયે!!**

# (લય-પ્રલય)

**- દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

જો ગોદડી ફાટે તો સીવી લઈએ
આભ ફાટે તો થીંગડું કેમ કરી દઈએ ?
વ્હાલા રૂઠે તો એને મનાવી લઈએ
કુદરત રૂઠે એનું કહો શું કરી એ ?
મેઘ રૂઠે તો મલ્હાર છેડી દઈએ
અતિવૃષ્ટિ રોકવા કહો શું રે કરીએ ?
ગંગા અવતરવા શિવને વિનવીએ
ગંગા શિવને ડુબાડે તો શું રે કરીએ ?
જગત જાળવવા શિવ - શિવ કરીએ
શિવ સર્જીત પ્રલયનું શું રે કરીએ ?
ઈશ્વર ને દઈ મ્હાત કેવો ગર્વ કરીએ
ઈશ્વરથી થઈ મ્હાત ફરી શરણે થઈએ !

**- ઉષા પંડયા ...**

હું જ સર્જક અને હું જ વિનાશક, સૃષ્ટિની તમામ વિદ્યાઓનો જનક ગણિત શાસ્ત્ર, યોગ, ભાષા, નૃત્ય, સંગીત, મારા માથી આવી છે. હું દેવો નો દેવ સમસ્ત બ્રહ્માંડનો સર્જન હાર, હુંજ સત્ય, હુંજ શિવ... હુંજ શિવ... કોઈ દેવ દર્શનથી ધન્ય બનવા તો કોઈ પ્રકૃતિનું સાનિધ્ય માણવા વૃદ્ધો ઈશ્વર કૃપાથી આગલો ભવ સુધરે એવી શ્રદ્ધા સાથે તો કોઈ ગંગામાં પાપ ધોવા, કોઈના મુખમાં મહામૃત્યુંજય જાપ ચાલતો હશે તો કોઈક ભોલેનાથની એક ઝાંખી મેળવવા કતારમાં ઉભું હશે ને અચાનક આકાશમાંથી વરસાદ રૂપે આફત ઉતરી આવી ને ઘણાને જળ સમાધિ લેવાની ફરજ પડી. કોઈએ પતિ ગુમાવ્યો તો કોઈકે પત્નિનો સાથ છોડયો. કોઈકના બાળકો છૂટા પડયા તો કોઈકે ગંગામાં જળ સમાધિ લીધી. કોઈકના ઘર ડૂબી ગયા તો કોઈકે માલમિલ્કત સર્વસ્વ ગુમાંવ્યું જે ગંગા બધાના પાપ ધોતી હતી. તે પોતાની સાથે કેટલી બધી જીંદગી પ્રવાહમાં ઘસડી ગઈ, વાદળ ફાટયું ને વરસાદના પાણી અને ભેખડો નીચે દબાઈ ને કાંઈક જીંદગીઓ તબાહ, બરબાદ થઈ ગઈ. ભોલે નાથનું કેદારનાથ સ્મશાનઘાટ કે મરૂભૂમિમાં ફેરવાઈ ગયું, બચ્યું તો બસ બાબાનું મંદિર અને સ્મશાનવત્ શાંતિ...

**'ચોગમ ડમરૂનો અવાજ છે ફૂકવે ગળામાં નાગરાજ છે ! છે**
**સૃષ્ટિ સ્વયં સ્તબ્ધ આજે તાંડવ ખેલી રહ્યાં નટરાજ છે..'**

એવું તે શું થયું કે શિવજી એ ત્રીજું નેત્ર ખોલવું પડયું ! જે ગંગાના પ્રવાહને એમણે પોતાની જટા માં બાંધયો હતો તેને ખોલી નાખવો પડયો.

મૃત્યુ સમયે ગંગાજળ લેવાથી મોક્ષ મળશે એવી માન્યતા વાળી ગંગાને પૂછવું પડે કે

**'તે તો બધાને સમૂળા ધોઈ નાખ્યા રે ગંગા,**
**ધોવાના તારે કેવળ પાપ હતા !**
**શું તનેય થઈ શિવજી ના તાંડવની અસર ?**
**તારા તો કેવા લય બદ્ધ તાલ હતા...'**

યમનોત્રીથી શરૂ થઈ ગંગોત્રી, કેદારનાથ ને બદ્રીનાથની ચારધામજાત્રા કરવી એ પ્રત્યેક હિન્દુઓ માટે એક સ્વપ્ન છે ને જે ચારધામ યાત્રાનો રસ્તો રોડ ટું હેવન કહેવાતો તે કાંઈક જીંદગી ઓ માટે રોડ ટુ હેલ બની ગયો.

ચારે બાજુ હાહાકાર મચી ગયો ને લાચાર-સ્તબ્ધ આંખો જાણે ભોલેનાથને કહેતી હોય.

**"તેરી માયા અપરંપાર દેખ હમ રોટી, પાની કો તરસે,**
**અમીર ખુદ હી કયા કહે**
**વાહરે બમ બમ ભોલે તૂને તો અપને હીના બકસે'**

શું કુદરત પણ માનવની જેમ રુઠતી હશે કે રીસાતી હશે !

એતો એક કલ્પનાનો વિષય છે. પણ આ કુદરતની તબાહી, બરબાદી માટે જવાબદાર કોણ શું કોઈ પાસે એનો જવાબ છે ? ? ?

કુદરતે માનવને ખોબે ખોબા ભરીને પ્રાકૃતિક સૌંદર્ય આપ્યું છે એમાં ચારધામ ઉત્તરાખંડ પર તો એણે છુટ્ટે હાથે સૌંદર્યની લ્હાણી કરી છે.

પ્રકૃતિ અહીં સોળે કળાએ ખીલી છે દૂરથી જુઓ ત્યાં સુધી નજર ઠરી જાય તેવું ખુશનુમા વાતાવરણ જાણે ધરતી પર સ્વર્ગલોક જ જોઈ લો.

પણ પ્રદેશના વિકાસ ને ઝટપટ પૈસા કમાઈ લેવાની આંધળી દોડે કાળા માથાના માનવીને પાગલ કરી દીધો. સરકારના બની બેસેલા મંત્રીઓ અને કોન્ટ્રાકટરો એ વિકાસના નામે ખુલ્લી લૂંટ ચલાવી. આ લોકોને તો જાણે હવાને કેદ કરવી છે. સૂરજ અને ચાંદ પણ તેમના કહયા પ્રમાણે ઉગે કે આથમે એવી મનમાની કરવી છે અરે જે નદીઓનો સ્વભાવ વહેવાનો છે એ નદીઓના રસ્તા ડેમ બનાવીને રોકો, ડાઈના માઈટ થી પર્વતોને તોડો, જંગલો કાપી પર્વતોને નિવસ્ત્ર કરો. પ્રકૃતિની વ્યવસ્થાને ઠોકરે ચઢાવો મેદાની પ્રદેશમાં ચાલે એવી યોજનાઓ પહાડની છાતી પર બનાવો. નદીઓના તટ પર રીવરવ્યુ હોટલો, ધર્મશાળાઓ બનાવી તેનો પ્રવાહ બદલો પછી શું થાય એ નદી એક દિવસ ક્રોધે ભરાઈને બધુ પોતાની સાથે ઘસળી ન જાય તો બીજું શું કરે ?

અત્યારે તો આવનારી પેઢી ચારધામ યાત્રા કરી શકે કે નહીં એના પર પ્રશ્નચિન્હ મૂકાઈ ગયું. જાણે લાગે કે કુદરત પણ આ કાળા માથાના માનવીને સજા કરતા શીખી ગઈ છે અને આપણને સમજાવી દીધું છે કે જો વિકાસના નામે આ આંધળી લૂંટ નહીં અટકે તો એનાથી પણ ભયંકર પરિણામ ભોગવવા પડશે.

બસ વેકેશન પડયું ને ચાલો અખબારોમાં આવતી લોભામણી ટ્રાવેલ એજેન્સીઓની જાહેર ખબરો જોઈ એના ભરોસે યાત્રા કરવા નીકળી પડો બસ આપણને તો ઉત્તમ સગવડ જોઈએ કેદારનાથના દર્શન તો હેલિકોપ્ટરથી જ કરવાના જરાય અગવડ નહી જોઈએ અને જ્યારે કુદરતી આપત્તિમાં ફસાઈ એ ત્યારે આપણે કુદરત આગળ લાચાર છીએ, એમ કહીને મન મનાવીએ ખરેખર તો આપણે આપણી સોચ બદલવી પડશે. પ્રકૃતિની અદબ જાળવતા શીખવું પડશે. જલન માતરી લખે છે.

**હવે તો દોસ્તો ભેગા મળી વ્હેંચીને પી નાખો.**
**જગતના ઝેર પીવાને હવે શંકર નહીં આવે.**

જો આપણે પ્રકૃતિનો નાશ કરતા રહી શું તો ઈશ્વર પણ આપણી મદદે નહી આવે. ભગવાન ઈશ્વર તો સર્વવ્યાપી છે એની બનાવેલી કુદરતનો પાર પામવો એ આપણા ગજા બહારની વાત છે.

બાકી આટલા પાણીમાં પણ લોકો તરસ્યા રહે એ કળિયુગનો કહેર નહીં તો બીજું શું છે ?

બસ યાતના માં મૃત્યુ પામેલા અને બચી ગયેલા લોકો માટે આપણે ઈશ્વર પાસે દુઆ કરીએ.

જહર જીસને દિયા તો દવા ભી વહી દેગા.
ભૂખ વ્યાસ સે બચને કા જવાબ ભી વહી દેગા.
સાથ જો નિકલ ચૂકે ઉસ કહર કે બહાર
દૂસરો કે પ્રતિ આને વાલી દયાભી વહી દેગા.
હિંમત કે બાંધકો ના ટૂટને દેના પરીક્ષામે
તૂજે અવ્વલ લાને કા ફૈસલા ભી વહી દેગા.
લાશો કો દિખાકર કે દુકાન ચલાને વાલે
માનવ સેવા કરો શાયદ નફાભી વહી દેગા.
નેતાઓ કી ફિતરત હૈ લાશો કી સૌદા બાઝી
કાલે પાનીસે બહત્તર સજા ભી વહી દેગા.

**-નિશીથ જોષી**

❖ ❖ ❖ ❖ ❖

# રોગી હંમેશા મરતા નથી નિરોગી હંમેશા જીવતા નથી

- શૈલેષ કી. દેસાઈ

હાલ ચાઈનામાં ૧૨૩ વર્ષની વૃદ્ધ મહીલા મરણ પામી, તેના પરથી આરોગ્ય વિષે લખવાની પ્રેરણા થઈ. હાલ સર્વેક્ષણ મુજબ આખા જાપાનમાં ૧૦૦ વર્ષની ઉમર ધરાવનારની સંખ્યા માત્ર ૧૦૦ થી પણ ઓછી છે. બાલાસિનોરના ભામાશા 'મુળજીકાકા (લાલખાં)' એ ૧૦૨ વર્ષનું જાજરમાન જીવન જીવી શ્રીજી ચરણ પામ્યા. કોઈ માંદગી આપણા શરીરમાં અકારણ ઉભી થતી નથી તેને પોતાના ચોક્કસ કારણો હોય છે. માણસના મનની એ ખાસિયત છે કે તે પોતાની પીડાઓ અને પોતાના દુ:ખોનું કારણ બાહ્ય જગતની પરિસ્થિતિઓમાં ખોળતો હોય છે. વાસ્તવમાં રોગના કારણ મૂળ માણસના મનમાં જ સમાયેલા હોય છે. ભૌતિક ઈલાજ કાયમી રોગના કારણોને નાથી શકતો નથી. દુ:ખ અને રોગ કોઈને પસંદ પડતા નથી.

મોટા ભાગના રોગ ગુસ્સા અને ડરને કારણે ઉત્પન થતા હોય છે. ગુસ્સો મનમાં ચીઢીયાપણું, અધીરાઈ, વિફળતા, વખોડવાની ટેવ, રીસ ઈર્ષા અને કડવાસ પેદા કરે છે. એજ રીતે ડરને કારણે મનમાં તાણ ચિંતા ગભરાટ, શંકા, કુશંકા, અસલામતી, અજંપો, અસુખ, બેચેની, પેટમાં ફાળ પડવી, પરસેવો થવો, હૃદયના ધબકારા વધવા જે પોતાના પ્રત્યે તિરસ્કારની ગ્રંથિઓ પેદા કરે છે. જે શરીરના અવયવોમાં રોગ પ્રતિકારના તંત્રની કામગીરી (Resistance) ખોરવી નાખે છે. આથી ઉલટું જ્યારે આપણું અંતકરણ વિશુદ્ધ પ્રેમ અને આત્મવિશ્વાસથી છલોછલ ભરાઈ જાય છે ત્યારે શરીરમાં રોગોને અવકાશ રહેતો નથી.

બાય બાય ટું બાયપાસ બાય પ્રાણાયામ, ફેફસામાં હવા લેવીને કાઢવી તે કુતરતની રચના છે. આજના શહેરી કરણ અને ભાગદોડ જીવનમાં માણસ માત્ર એક તૃતિયાંશ જ હવા ફેફસામાં લે છે. જેથી ફેફસાના ઉપરના સ્તરમાં જ હવાની લે-મૂક થાય છે. એક પ્રયોગ થોડીકવાર હમણાં જ કરો કે ટટ્ટાર બેસી સ્પાઈનલકોડને સીધો રાખી શ્વસનક્રિયા પર ધ્યાન આપતાં જણાશેકે હવા છેક ડુંટી ની નીચે એટલે કે નાભી સુધી કેટલી પહોંચે છે.? જ્યાં અન્નના દહન માટે ઓક્સીજનની જરૂર છે. હવે નોર્મલ રીતે બેસી કોઈ ચિંતિત વિચારોમાં ડૂબીજઈ શ્વાસ લેતા જણાશેકે તે પેટની ઉપર જઈ પરત આવે છે, પેટ પર હથેળી રાખી અનુભવ કરી શકાય છે. હવે ક્ષણભર મનગમતા વિચારો કે કોઈ જોક્સ યાદ કરી આનંદ, હસી, ખુશી ને માણતા શ્વસન પર ધ્યાન આપતા અનુભવ થશે કે તે નાભી સુધી પહોંચે છે. આમ ઊંડો શ્વાસ લેવાથી હવા ફેંફસાની નીચે આવેલો પડદો જેને મેડિકલ ભાષામાં ડાયાફાય કહેવાય છે. જે ફેફસામાં બલૂન ફુલાતા હવા ડાયાફ્રામમાં જાય છે, જ્યાં લિવર પ્લીહા, પેન ક્રીયાસ જેવા અવયવો છે જે પેટના ભાગ પર દબાણ લાવે છે. જ્યારે હવા બહાર કાઢતા મધ્ય પડદો ઉપર આવે છે ને ફેફસા સંકોચાઈ જઈ સર્વે કચરાવાળી હવા બહાર ફેંકી દે છે. આગળ જણાવ્યા મુજબ ટટ્ટાર બેસી સ્પાઈનલકોડને સીધી રાખી લીધેલા શ્વાસને શક્તિ પ્રમાણે રોકી રાખી પછી ઉચ્છ્વાસ લેતા ફેફસા કોમ્પ્રેસર પંપની માફક પૂરી તાકાતથી શરીરનો કચરો બહાર કાઢતા આપણા આર્ટનરી કે નબળા હૃદયને લોહી પૂરું પાડી સ્ફૂર્તીલું કરે છે. આપણાં ફેફસામાં હવા ભરવાની ક્ષમતાં દરેક બલૂનની એક ચોરસ ફુટ છે. આટલી હવા ભરતા ફેફસાના દરેક સેલ્સ કાર્યરત બની જઈ શરીરના સર્વે અવયવોને ઉર્જાથી ભરી દે છે. આપણે

૩૩ ટકા જ હવા ની લે-મૂક કરતાં નીચેના ભાગમાં કચરો જમા થતો રહે છે. માટે મોટા ભાગના લોકોના પેટ જમરૂખ જેવા હોય છે. પૂરતા પ્રમાણમાં ઓક્સીજન ન મળતા રહેલા પદાર્થોનું ચરબીમાં રૂપાંતર થાય છે. આખા શરીરમાં લોહી ફરીને ફરી હૃદયના જમણા ભાગમાં આવી ફેફસામાં શુદ્ધ હવા થવા પામે છે. ત્યાં શુદ્ધ થઈ પાછું હૃદયની ડાબી બાજુમાં આવી પાછુ શરીર જાત્રાએ બે મિનિટમાં ૯૦ હજાર કિલોમીટરનો રસ્તો પુરો કરવા નીકળે છે. આટલી માથાકુટ હૃદય કરે છે.

જગતમાં માનવીએ ૭૪૦૦૦ દવાઓ રોગ નિવારણ કાજે શોધી છે. મોરારજીભાઈ દેસાઈ એક હોસ્પિટલના ઉદઘાટનમાં કહેલું કે રોગ નિવારણ માટે હોસ્પિટલ કરતા રોગ જ ન થાય તેવુ શિક્ષણ અને જીવનશૈલી જીવવાનું લોકોને બતાવવું જોઈએ. ગાયક મન્નાડેના મતે જે નિરવ્યસની હોય છે તેનું આયુષ્ય દસ વર્ષ વધારે હોય છે. હાલ તેવો ૯૦ વર્ષના છે.

ઘડીયાળ માણસે વર્ષો પછી બનાવી તે પહેલા કુદરતે તો તેને માનવ માટે નિત્યક્રમ નક્કી કરી દીધેલ છે. સવારે ૬ કલાકે ખાદ્યુ હોય કે પછી ગમે ગમે ત્યારે આપણું પાચન સવારે ૩.૩૦ કલાકે એટલે બ્રહ્મમૂહુર્ત વખતે પૂર્ણ થઈ કચરો તૈયાર થઈ જાય છે. દેવી, દેવતા, યોગીઓ અને મુનીઓ આ સમયે નીદ્રા પૂર્ણ કરી ઊઠતા હોય છે. ત્યાર પછી જેટલું મોડું ઊઠીયે એટલે કે પાંચ વાગે, સાત વાગે નવ વાગે તેમ તેમ આંતરડાની કચરો બહાર ફેંકવાની ક્ષમતા ક્ષીણ થતી જાય છે. માટે જ શાસ્ત્રોમાં અને વડીલોએ વહેલા ઉઠવા ભાર આપ્યો છે. મધ્યાન સમયે જમણ ને સૂર્યાસ્ત પહેલા રાત્રી જમણ જેવા કુદરત નિયમો છે. રાત્રી જમણ-ભોજન અને સુવા વચ્ચે ચાર કલાકનો ગાળો હોવાનો આગ્રહ છે.

સૂર્યની ઉપાસનાથી પણ આરોગ્ય, ઐશ્વર્ય, સુખ શાંતિ તથા દિર્ઘાયુ મેળવી શકાય છે. તેના કિરણોમાં વિટામીન 'ડી' હોય છે જે ત્વચાને સ્વસ્થ, મુલાયમ તથા ચળકાટ લાવે છે. સૂર્યની ઉપાસના કરવાથી હૃદયરોહ, બ્લડપ્રેશર, નેત્ર રોગ તથા ચામડીના રોગમાં ઘણાં ફાયદા થાય છે. ચીની ફિલસૂફી 'ન્યોચી'ના મતે જ્યાં સુધી સૂર્ય પૃથ્વી પર છે ત્યાં સુધી લોકોએ ઓષધીઓની શોધમાં વ્યર્થ ભટકવાની જરૂર નથી. પશ્ચિમના વિધ્વાન 'ડૉ. ઓલ' લખે છે સૂર્યમાં રોગનો નાશ કરવાની જેટલી શક્તિ છે તેટલી વિશ્વના કોઈ પદાર્થમાં નથી કેન્સર, ભગંદર, હૃદય રોગ, ચર્મરોગ તથા નેત્રરોગ સૂર્ય સ્નાનથી નાશ પામે છે. સવારના નવ વાગ્યા સુધીના તડકાને જ સૂર્ય સ્નાન કહેવાય. બપોરના તડકાને નહી. સૂર્યના સાત રંગ જેવા કે લાલ, લીલો, ભૂરો, નારંગી, જાંબુડી, આસમાની તથા પીળો એ જુદા જુદા રોગોના નિવારણ માટે સર્જેલ છે. જાણીતા કવિ બાણ ભટ્ટે સૂર્યના મહિમા ઉપર સૂર્ય સતકર્મ ના ગ્રંથની રચના કરેલ છે. સૂર્ય નમસ્કાર એ પણ એક સૂર્યની આરાધના છે. જાણિતી ફિલ્મી અભિનેત્રી કરીના કપૂર રોજ ૧૨૦ સૂર્ય નમસ્કાર કરે છે. ધમેન્દ્ર અને જીતેન્દ્ર પણ ખુબ જ વહેલી સવારે સૂર્યોદય પહેલા વ્યાયામનો કાર્યક્રમ પુરો કરી નાખે છે. જે વેળા હવામાં ઓકસીજનનું પ્રમાણ વધારે હોય છે. સ્વામી વિશુદ્ધાનંદ સરસ્વતી જેમણે વારાણસીમાં સૂર્ય કિરણોમાંથી રોગ નિવારણ માટે પ્રયોગ શાળા સ્થાપી છે. દાનવીર કર્ણ પણ સૂર્યની ઉપાસનાથી કવચ-કુંડળ પ્રાપ્ત કર્યા હતા.

બેલફાસ્ટની કવીન્સ યુનીવર્સિટિએ કરેલા સંશોધન પ્રમાણે સુખી દાંપત્ય જીવનથી ૫૦ ટકાથી વધુ હાર્ટએટેકના રોગનું જોખમ ઘટાડી શકાય છે. તેથી લોહીનું પરિભ્રમણ સારુ થાય છે. શરીરના બધાજ અંગોને વ્યાયામ મળે છે. પરિભ્રમણ બરોબર જળવાતા

બ્લડપ્રેશરનું પ્રમાણ ઘટે છે. વહેલી સવારના સંબંધોથી આર્થેરાઈટિસનું અને માઈગ્રેનને દૂર કરી શકાય છે. તેનાથી ૩૦૦ કેલેરી બળી જતા શરીરમાં ચરબી જામતી નથી. વજન અંકુશમાં રહે તે ઉપરાંત લોહીમાં એસ્ટ્રોજન અને અન્ય હોર્મોન્સનું ઉત્પાદન વધી જાય છે. જેને કારણે વાળ અને ત્વચા ચમકીલી બને છે. ડાયાબીટીસ જેવા મહારોગમાંથી પણ રાહત મળે છે. ટેસ્ટોરમ હોર્મોનથી હાડકા મજબૂત અને મસલ્સ ઘાટીલા બને છે, ઓસ્ટોરેસીસથી દૂર રહેવાથી ડીપ્રેશનનું પ્રમાણ ઘટી જાય છે. દુનિયામાં ૭૦ ટકા લોકો ડીપ્રેશનથી પીડાય છે. 'યાલે' સ્કુલ ઓફ મેડીસનના સંસોધનથી જાણવા મળ્યુ છે કે તેનાથી એન્ડોપિટ્રીયોસિસ નામની ગર્ભાશયની તકલીફ મટી જાય છે. એન્ડોફિન્સનો સ્ત્રાવ શરીરને સ્ફૂતિલુ રાખવા તેમજ પીડાની માત્રા ઘટાડે છે. (Resitance વધે છે) મિલનના અભાવે હાઈપર ટેન્શન પેપ્ટીક અલ્સર, સોરાઈસીસ તેમજ અનિન્દ્રા જેવી માનસિક વ્યાધિ થવાની શક્યતા વધુ રહે છે. મિલનનો અભાવ સ્વભાવમાં ચિડિયાપણુ પણ લાવે છે.

૧૯૫૨માં કોશેનરી એન્જીયોગ્રાફી, ૧૯૫૬માં બાયપાસ અને ૧૯૬૬માં એન્જીયોપ્લાસ્ટી આવ્યા પછી દુનિયામાં કરોડો ઓપરેશનો થયા પણ દર્દી લાંબુ જ જીવે તેવું જ નથી હોતું. બાયપાસની શસ્ત્રક્રિયામાં હૃદયના જ્ઞાનતંતુઓ છેદાઈ જાય છે. તેથી હૃદય દ્વારા દુ:ખાવાનો સંદેશ મગજ સુધી ન પહોંચતા દર્દીને સારુ લાગે છે.

ડૉકટરનો મોટો ગુરુ દર્દી છે. જેની પાસે અનુભવ છે. જ્યારે ડોકટર પાસે થીયરોટીકલ માહિતિ છે. જગતભરમાં મોંઘામાં મોંઘી હોસ્પિટલને કારણે કોઈ ધનાઢય વધુ જીવી શકતો નથી. કે કોઈ ગરીબ વહેલો મરતો નથી. ડોકટરની વિટંબણા એ છે કે દર્દીના દર્દ અને પીડાની માત્રા તેની આવકનું સાધન બને છે.

વસ્તુઓ ન મળે ત્યારે મેળવવાની આકાંક્ષા હરીફાઈ, અધીરાઈ દોડ, વધતી રહે છે ને મળ્યા પછી માલીકીની ભાવના તેમજ મેળવેલી સિદ્ધિ ગુમાવવાનો ડર સખત રહે છે. પૈસા, ઘરેણા, ચીજવસ્તુ, સુખ, પ્રતિષ્ઠા ઈત્યાદી ગુમાવી બેસવાની ગ્રંથિઓ એને સતત ડરાવતી રહે છે. ઉપરોક્ત જણાવેલી વસ્તુઓ કોઈના જીવનમાં હંમેશા સ્થિર રહેતા નથી તેની માત્રામાં વધ-ઘટ થતી હોય છે. ઈચ્છાઓની હાર-જીત સતત થતી હોય છે.

યેના સોચો ઈસમે અપની હાર હૈ કી જીત હૈ
ઈસે અપનાલો જોગી જીવન કી રીત હૈ

પરિવર્તન એ સંસારનો નિયમ છે જે ગીતાનો સંદેશ છે જે આપણને સ્વીકાર્ય નથી, આમ અસ્વિકાર ને પ્રતિકારની ભાવનાથી આપણા શરીરમાં તણાવના રસાયણો પેદા થાય છે જે આગળ જણાવ્યુ તેમ તે આપની પાચન ક્રિયાને તંત્રને ખોરાવી નાખે છે.

ફક્ત ત્રણ વસ્તુ યાદ રાખીશું તો પણ ઘણા રોગની શક્યતા ઘટી જશે. દિવસમા આઠ થી દસ ગ્લાસ પાણી પીવું. ટટ્ટાર બેસવું ૪૫ ટકા બેસવું, ને રોજ અડધો કલાક ફાસ્ટ ચાલવું. હમણાંજ જાપાનમાં સંશોધન થયું છે કે રોજ ફક્ત અડધો કલાક ફાસ્ટ ચાલવાથી ડાયાબીટીસ જેવા મહારોગને નાથી શકાય છે. અહી ચાલવું એટલે ફક્ત (નિષ્કારણ) ચાલવું. સ્ટેશને જવું આવવું કે ઓર્ડર માટે કે ઉઘરાણી માટે ચાલવું તે ચાલવું ન ગણાય.

નિરોગી રહેવા મનને વાંચનની જરૂર છે.
પેટને પાચનની જરૂર છે
મન એવ મનુષ્ણાં કારણ બંધન મોક્ષાર્યો :

❖ ❖ ❖ ❖ ❖

# પ્રેમ

**બંકિમ રજનીકાંત પરીખ (જુનાગઢવાળા)**

જે જે શ્રી ગોકુલેશ

આપણે બાલાસિનોરવાળા જ્યારે મળીએ છીએ ત્યારે એકબીજાને જે જે શ્રી ગોકુલેશ પ્રેમપૂર્વક પાઠવીએ છીએ. ઠાકોરજીનો પ્રેમ અને કૃપા હંમેશા આપના પર વરસતા રહે. તમારું નિત્ય સુમંગળ બને કલ્યાણ થાય એવો સુંદરભાવ આમાં રહેલો હોય છે.

પ્રેમ ! અઢી અક્ષરનો ટચૂકડો શબ્દ. પ્રેમીજનો અને કવિઓએ આ શબ્દ ને ખૂબ લાડ લડાવ્યા છે.

એમના જ શબ્દોમાં ...

હૃદય મારું વ્યાપક, નજર મારી સુંદર,
કલા મારી મોહક વિચારે વિચારે,
નથી આભને પણ કશી જાણ એની,
કે મેં ચાંદ જોયા સિતારે સિતારે.
જીવનમાં કંઈ એવી પ્રતિભા આવે,
સત્કારવા સામે બધા રસ્તા આવે,
ચાલુ તો જમાનાનો મને સાથ મળે,
થોભું તો મહોબ્બત મને લેવા આવે.
વેચીને અશ્રુ મોંઘા અંજન ખરીદવા છે,
જૂના હૃદય ને નવલાં સ્પંદન ખરીદવા છે,
આશિક કોઈ જાય મળી આ મેળે,
જર્જર જરા ને બદલે જોબન ખરીદવા છે.

પ્રેમની ભાષા અકળ છે નયનના દ્વારેથી હૃદય સુધી પહોંચી જાય છે. બે યુવાન હૈયા જ્યારે પ્રેમના કૉલ આપે છે ત્યારે તેમનો સર્વજગતમાં પ્રેમ સિવાય બીજું કંઈ નજરે નથી પડતું કહે છે ને કે પ્રેમ તો આંધળો છે, ના જુએ જાતપાત, દેશ દિશા, સંબંધો, ઉંમર.

પ્રેમની શરૂઆત થાય છે માતાના ગર્ભથી. માતા નો પ્રેમ બાળકમાં અનેરો વિશ્વાસ સંપાદિત કરવાનું કાર્ય કરે છે. માતાનો પ્રેમ હૂંફ, લાગણી, સંવાદનાને લીધે જ બાળક ખીલે છે. પાંગરે છે. પિતાના પ્રેમ અને સાથ સહકારથી જીવનના ડગ સાચી દિશામાં માંડે છે. ભાઈ બહેનનો પ્રેમ દુનિયામાં અજોડ છે. જેમ ભાઈ બહેનની રક્ષા કરે છે તેમ બહેન પણ પોતાના ભાઈને ક્યારેય અપમાનિત થતો જોઈ શકતી નથી. ભાઈ-બહેનના પ્રતિકરૂપ રક્ષાબંધન અને ભાઈબીજ આપણા તહેવારોનું સુંદર નજરાણું છે.

ગુરુનું પ્રેમરૂપ વિદ્યાદાન શિષ્યને સમર્થ બનાવે છે. નવી ઉંચાઈએ લઈ જાય છે. પગભર થવાના માર્ગ પ્રાપ્ત થાય છે. ગુરુના પ્રેમથી શિષ્ય પોતાનો સિક્કો જમાવવામાં સફળ થાય છે.

પતિ-પત્નીનો પ્રેમ ઘરને અકબંધ રાખે છે. એકબીજાનાં પ્રેમ અને વિશ્વાસને લીધે કુટુંબભાવના તીવ્ર બને છે. બહારની દખલ વગરનું ઉંમરાની અંદરનું ઘર હંમેશા પોતીકું બની રહે છે.

કુટુંબોજ હંમેશા પ્રેમથી પોતાના સમાજને સંગઠિત રાખે છે. સમાજમાં નક્કી થતી અમો રચાતી વિધ વિધ કલ્યાણકારી યોજનાઓ કુટુંબોમાં ભાતૃભાવ ફેલાવે છે. આવા આદર્શ સમાજો દેશપ્રેમ મજબૂત કરે છે. વતનના પ્રેમ ને લીધે જ જવાન જાનની બાજી લગાવી દે છે.

ઈશ્વરની સર્વરચના પ્રેમથી આસક્ત છે. પ્રાણીમાત્રને પ્રેમ કરવો એટલે જ સર્વવ્યાપક ઈશ્વરને પ્રેમ કરવો. કુદરત, વનરાજી, ઝરણાં, સરિતા, સરોવર, સમુદ્ર, સૂર્ય, ચંદ્ર, તારા, પહાડ, સમગ્ર બ્રહ્માંડ પરમેશ્વરના પ્રેમથી સભર છે. હૃદયમાં જ્યારે ઈશ્વર પ્રત્યે તેની કરામત પ્રત્યે પ્રેમનો આવિષ્કાર થાય છે ત્યારે આંખો હર્ષાશ્રુથી છલકી ઉઠે છે.

સર્વમાં 'સ્વ' ને પહેલો પ્રેમ કરવો. જે પોતાને પ્રેમ કરે છે, પોતાના જાતને પ્રેમ કરે છે તે જ અન્યને પ્રેમ કરવાને લાયક બને છે. પોતાને પ્રેમ કરનારી વ્યક્તિ કણકણમાં પ્રેમ રસ ભરી દેવા સક્ષમ હોય છે.

❖ ❖ ❖ ❖ ❖

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
## પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ
Email : balasinor.pragatisamj@gmail.com

પ્રિય જ્ઞાતિજનો,

સામાન્ય રીતે કહેવાય છે કે,' પહેલું સુખ તે જાતે નર્યા' પરંતુ આ કહેવતનો અર્થ ત્યારે જ સમજાય છે જ્યારે આપણા આરોગ્યમાં ગાબડુ પડે છે. માટે જ બિમારી આવતા પહેલાં જ અગમચેતી રાખવી જરૂરી છે. (Prevention is Better Than Cure). આપણી આસપાસ અસંખ્ય પ્રલોભનોને કારણે તંદુરસ્તી જાળવવા સામે ઘણા પડકારો હોય છે. આવી પરિસ્થિતિમાં આપણે પોતે જ પોતાના ડૉકટર બનવાનું હોય છે. અને આપણા માટે શું યોગ્ય છે તે શોધી કાઢવાનું હોય છે. પરંતુ દરેક માટે આ શક્ય નથી હોતું ! આથી જ સમાજના સભ્યો માટે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત પ્રોગ્રામ એનડ ઈવેન્ટ મેનેજમેન્ટે ગોઠવેલા નવમાં સેમીનારમાં આવા જ કંઈક વિષયને આવરી લેવામાં આવ્યો છે.

અગાઉની જેમ જ આ સેમીનાર પણ કામકાજના દિવસે શુક્રવાર, તા. ૦૬-૦૯-૨૦૧૩ના રોજ સાંજે ૬.૩૦ કલાકે, સેનેટ હોલ, સ્ટેટસ રેસ્ટોરન્ટ, નજીમાન પોઈંટ, મુંબઈ-૪૦૦૦૨૦ મધ્યે યોજવામાં આવ્યો છે.

જુલાઈ માસના જ્યોતિપુંજમાં અગાઉથી જ જણાવ્યા મુજબ આ સેમીનારના મુખ્ય મહેમાન તેમજ પ્રમુખ વકતા N.M.Medical Centre ના સર્વેસર્વા, આપણી જ જ્ઞાતિના માનનીય અને નામાંકિત ડૉ. નિલેશભાઈ શાહ પધારવાના છે. તેઓ આપણને "Chalanges & Innovations in Health Care Enterprise વિષય પર ઉંડાણથી સમજાવશે. તેમજ પ્રવચન બાદ પ્રશ્નોતરી દરમિયાન આપ આરોગ્ય અંગેની આપની મુંઝવણોનો ઉપાય મેળવી શકશો.

આપણા સભ્યો માટે ડૉ. નિલેશભાઈની ઓળખાણ આપવી તે સૂરજ સામે દીવો ધરવા સમાન છે. પરંતુ ટુંકમાં તેમનો પરિચય જણાવીએ છીએ. તેઓએ મેડીકલ શાખાનું જ્ઞાન ટોપીવાલા મેડીકલ નેશનલ કોલેજ અને નાયર હોસ્પિટલમાં મેળવ્યા બાદ એક વર્ષ Thomas Jefferson Univercity Philadelphia ખાતે ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. આમ તેમણે તબીબી ક્ષેત્રમાં દેશમાં તેમજ વિદેશમાં બહોળો અનુભવ લીધો. ભારત પાછા ફરવાની સાથે ચોપાટી ખાતે N.M.Medical Centre ની સ્થાપના કરી. આવનારા ભાવિ સમયને ઓળખી દિનપ્રતિદીન નવા નવા આધુનીક સાધનો અને મશીનો વસાવી N.M. Medical Centre ને ઉચ્ચ સ્થાને મૂક્યું. અને આજે પણ તેનો ડંકો વાગે છે. આજે જેમ ઉદ્યોગ ક્ષેત્રે રીલાયન્સનું નામ છે તેવી જ રીતે શારીરીક તપાસના ક્ષેત્રે N.M.Medical Centre નું નામ પ્રખ્યાત છે. તેમનું નામ સાંભળતાં જ આપણી સમક્ષ એક મેડીકલ તબીબી તપાસ ક્ષેત્રનું મોટું સામ્રાજ્ય દ્રશ્યમાન થાય છે. આજે તો તેમની શાખાઓ મુંબઈ, અમદાવાદ, બેંગલોર અને પુના ખાતે સેવાઓ આપી રહી છે.

કહેવાય છે કે Doctors Cures with Pills But Kill with Bills પરંતુ ડૉ. નિલેશભાઈ એ પ્રકારમાં નથી આવતાં. આપણાં દેણશાં ડૉકટર દર્દીઓ માટે દેવ સમાન હોય છે અને ડૉ. નિલેશભાઈએ આ ઉક્તિને યથાર્થ ઠેરવી છે. તેમણે વ્યવસાયને સેવા રૂપે અપનાવી

સેંટરમાં આવનારા ઘણા યોગ્ય દરદીઓને સેવાનો લાભ આપે છે.

આવા સેમીનારો થકી સમાજમાં જ્ઞાનનો ફેલાવો અને વૃધ્ધિ થાય છે. આવી ઉમદા પ્રવૃત્તિને સફળ બનાવવામાં શ્રી જયેશ રજનીકાંત શાહ (નગરશેઠ) નો મોટો ફાળો રહ્યો છે. તેઓએ આ નવમાં સેમીનાર સહિત આગળના આઠે સેમીનારોનો સ્પોન્સર કર્યા છે. આવી સુંદર પ્રવૃત્તિમાં સાથ અને સહકાર આપવા બદલ તેઓ આપણા સૌ વતી અભિનંદનને પાત્ર છે. સંસ્થા તેઓનો ખૂબ ખૂબ આભાર માને છે. નવમાં સેમીનારની સમાપ્તિ બાદ હાજર રહેલા આપ સૌની સગવડ માટે રૂા. ૩૦૦/- જેવી નજીવી કિંમતે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પાસ તા. ૨૨-૦૮-૨૦૧૩ થી તા. ૦૨-૦૯-૨૦૧૩ સુધી નીચે જણાવેલ સ્થળોએથી મેળવી શકાશે.

૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસ, બાબુ ગેનુ રોડ, કાલબાદેવી, મુંબઈ - ૪૦૦ ૦૦૨

૨) મે. કડકીયા એન્ટરપ્રાઈઝ : ૬૮/૭૦ નાગદેવી સ્ટ્રીટની ઓફિસ, મુંબઈ - ૪૦૦ ૦૦૩

૩) બાલાસિનોર મેડીકલ સેન્ટર જઊંગ્ગ મેડીકલ ટ્રસ્ટ, મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ - ૪૦૦ ૦૦૭.

સમાજને સમૃધ્ધ કરનારા આવા સેમીનારમાં સભ્યો મોટી સંખ્યામાં ભાગ લઈ આ પ્રવૃત્તિને સફળ બનાવવામાં ફાળો આપે એવી આપ સૌને સંસ્થા વતી વિનંતી.

**પંકજ ધારિયા - કન્વીનર**
**પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ**
**રાજેન્દ્ર દેસાઈ - પરેશ પરીખ - માનદ્ મંત્રીઓ**

## મન તો થતું લાવ

મન તો થતું લાવ જઈને બેસું
પેલા ઊંચા વૃક્ષની ડાળી પર
અને થઈ જાઉ સ્થિપ્રજ્ઞ
તદ્દન બાજુમાં બેઠલ ઘુવડની જેમ
નહિ કોઈ આજની ફિકર કે
નહિ કોઈ આવતી કાલની ચિંતા
હું તો બસ ખળ ખળ વહ્યાં કરે
તદ્દન નીચે વહેતી 'ભાગીરથી'ની જેમ
કોણ શું બોલ્યું અને કોણ શું ચાલ્યું
મારે શું ?
હું તો બસ નિર્લેપ ભાવે જોયા કરું
તદ્દના સામે ઉભેલ ઉન્નત શિખરની જેમ
ભલેને થતી નીચે ઉથલ પાથલ
કે મચતી ભાગમ દોડ
હું તો સ્થિર થઈ જઉ
તદ્દન આકાશમાં દેખાતા પેલા 'ધ્રુવ'ની જેમ
અરે આ શું ભગવાન
તને પણ કેવું સુઝયું કે
મોકલી આપ્યો 'વર્તમાન' ને
કરવત લઈ કાપવા
તદ્દન પેલા કસાઈની જેમ ? ?/////

**-રૂપેશ પરીખ**

## શ્રધ્ધાંજલી

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ભુતપુર્વ મંત્રી તથા કાર્યકર્તા **શ્રી રાજેશભાઈ જેઠાલાલ ગાંધી** (રાજેશ સ્ટેનલેસ સ્ટીલવાળા) નું હાલમાં નિધન થયું છે. સંઘ વતી તેઓને શ્રધ્ધાંજલી અને તેઓના કુટુંબીજનોને તેઓની ખોટ સહન કરવાની શક્તિ મળે એ માટે પ્રભુ પ્રાર્થના.

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## આગામી કાર્યક્રમ
## "આયો સાવન સુહાવનો"

તા. ૩૧-૮-૨૦૧૩ શનિવારે ૩ કલાકે પ્રેમપુરી આશ્રમમાં ૫મે માળે રાખવામાં આવેલ છે. તેમાં હિંડોળા ભરવાની હરિફાઈ રાખવામાં આવી છે. તેમાં ભાગ લેવા સૌ બહેનોને વિનંતી છે. આમાં ભાગ વ્યક્તિગત (એટલે એકલા) જ હિંડોળો સજાવવાનો રહેશે. સમયની કોઈ મર્યાદા નથી. બપોરના ૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધી હિંડોળા ભરીને તૈયાર કરવાનો રહેશે. વાપરવાની સામગ્રી પાન, ફૂલ, ફળ, ડ્રાયફ્રૂટ વગેરે વાપરવા તૈયાર પટ્ટીઓ અહિ ચાલે.

'આયો સાવન સુહાવનો' કાર્યક્રમની અંદર પુષ્ટિ માર્ગના પાંચ તત્વો શ્રાવણમાં આવતા ઉત્સવોની સાથે કેવી રીતે સંકળાયેલા છે તેની સુંદર શૈલીમાં શ્રીમતી સુરેખાબેન કડકીઆ ટુંકમાં એનો રસાસ્વાદ કરાવશે.

આ કાર્યક્રમનાં પાસનાં રૂા. ૧૦ રાખવામાં આવેલ છે. તા. ૨૨-૮-૨૦૧૩ ગુરૂવારના રોજ બપોરે ૩ થી ૪માં સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે અથવા કમિટિની બહેનો પાસેથી મેળવી લેવા.

'દાંડિયા રાસ'નો કાર્યક્રમ તા. ૨૬-૧૦-૨૦૧૩ને શનિવારે હિંદી વિદ્યાભવન મરીનડ્રાઈવ ખાતે રાખવામાં આવેલ છે. વધુ વિગત આવતાં અંકે.

Health and Humour" નો કાર્યક્રમ તા. ૩૦-૭-૨૦૧૩ બપોરના તારાબાઈ હોલ ખાતે રાખવામાં આવ્યો હતો. આપ સૌના સાથ સહકાર માટે આભાર.

આ કાર્યક્રમમાં શ્રીમતી ગીતા દિલીપ ધારીઆ રૂા. ૫,૦૦૦/- તેમજ શ્રીમતી અમિતા અશોક ધારીઆ રૂા. ૫,૦૦૦/- નું ડોનેશન આપવામાં આવેલ છે. તે બદલ મહિલા વિભાગ તેમનો આભાર માને છે.

Nova Speciality Surgary નો ૪(ચાર) ડોકટરોએ Screen ઉપર Slides બતાવી ને Pain Sleep, Metabolism અને Stress Management ઉપર Remidies Demonstration સાથે સમજાવી અને તેના લખાણો આપ્યા હતા. તેમજ હાસ્ય કલાકારોએ જેઓ T.V. તેમજ હાસ્ય સાથે સંકળાયેલા છે. તેમણે સુંદર મનોરંજન પુરુ પાડયં હતું. તેમનો મહિલા વિભાગ આભાર માને છે.

**સંયોજક**

**પ્રતિમા કિરીટ ધારીઆ - ૯૮૨૦૧૫૨૬૪૪**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત
# શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગ

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે આ વખતે એક આકર્ષક બોટ પાર્ટીનું (ગેટવે ઓફ ઈન્ડીયા) ખાતે તા. ૧૯-૧૦-૨૦૧૩ના શનિવારના રોજ સાંજના ૭ થી ૧૦.૩૦ સુધીનો આયોજન કરેલ છે. આ પાર્ટીમાં ડીનર સાથે D.J.Party નો સમાવેશ કરેલ છે.

ઉપરોક્ત પ્રોગ્રામ માં વ્યક્તીદીઠ રૂા. ૬૦૦નો ખર્ચ આવે છે પણ સંસ્થા દ્વારા વ્યક્તીદીઠ રૂા. ૩૦૦ લઈ જવાનું નક્કી કરેલ છે. વહેલા તે પહેલાના ધોરણે ૧૩૫ વ્યક્તિનો સમાવેશ કરવામાં આવશે.

ઉપરોક્ત પ્રોગ્રામ આપણે સૌ ભેગા મળીને ઉત્સાહ પુર્વક ઉજવીશું.

આ પ્રોગ્રામમાં નામ નોંધવવા માટે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરવો. નામ નોંધાવવાની તારીખ. ૧૦-૯-૧૩ થી શરૂ થશે.

**(૧) શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી :** શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ, ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ-૩, ફોન નંબર : ૨૩૪૦૦૫૦૨, મો. નંબર : ૯૯૨૦૨૧૩૪૨૬. સમય : સવારના ૧૧ થી ૬ વાગ્યા સુધી.

**(૨) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** ૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), ફોન નંબર : ૨૮૦૫૦૭૩૫, મો. નંબર૯૮૨૦૦૧૧૫૮૬, સમય : સવારના ૯ થી ૧૨, સાંજના ૫ થી ૭


**(3) શ્રી નીમીષ બાબુલાલ ગાંધી (પાકા) :** બી-૩૧, રાજેશ એપાર્ટમેન્ટ, ત્રીજે માળે, શંકરગલી, કાંદિવલી (વેસ્ટ), ફોન નંબર: ૨૮૦૭૬૧૮૮, મો. નંબર : ૯૮૨૧૧૬૪૭૩૧, સમય : સવારના ૯ થી ૧૨ સાંજના ૫ થી ૭


**નોંધ : ફોન ઉપર બુકીંગ કરવામાં આવશે નહી.**

(૧) ઉપરોક્ત પ્રોગ્રામ માટે રૂા. ૨૧,૦૦૦/- શ્રીમતી ઈન્દુમતીબેન ચીમનલાલ શાહ (નગરશેઠ) હસ્તે : ઉષાબેન દીપકકુમાર શાહ (નગરશેઠ).

(૨) રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી માલતીબેન કીરીટકુમાર શાહ હસ્તે ફાલ્ગુની આશીષ શાહ

**મંત્રી : શ્રી ભાવેશ મોદી** **સંયોજક : શ્રી સુનીલ મોદી - ૯૮૨૦૧૨૦૬૪૯**



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા (ધરીવાલા) પુરસ્કૃત
# ૬૨મો વાર્ષિક રસોત્સવ

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે આ વખતે ૬૨મો વાર્ષિક રસોત્સવનું આયોજન શ્રી બીરલા માતુશ્રી સભાગૃહ (મરીન લાઈન્સ) ખાતે તા. ૧૭-૧૧-૨૦૧૩ના રોજ રવિવારે સવારે ૯ થી ૧૨.૩૦ કલાકે કરવામાં આવશે.

આ વખતે આપણી જ્ઞાતીના ભાઈ,બહેનો સાથે મળીને નૃત્યનાટીકા, ગરબા રાસ, ફીલ્મી ગીત થીમ ડાન્સ, ભાગંડા, બાંબુ ડાન્સ અથવા તો કોઈ સારી થીમ હોય તો પણ કરી શકશે એવો વિચાર છે.

ઉપરોક્ત પ્રોગ્રામ માટે આપણે ૭ ગ્રુપનો સમાવેશ કરવામાં આવશે, દરેક ગ્રુપમા વધુ મા વધુ ૮ વ્યક્તિનો સમાવેશ કરવામા આવશે. ઉમરની મર્યાદા ૧૨ વર્ષથી ૪૫ વર્ષ સુધીની રહેશે.

દરેક ગ્રુપનું ઓડીશન કરવામાં આવશે, ઓડીશનનું સ્થાન તથા તારીખ પછી જણાવવામાં આવશે.

ગ્રુપની એન્ટ્રી તા. ૧-૯-૨૦૧૩ થી ૧૦-૯-૨૦૧૩ ખાતે સંયોજક શ્રી સમીર ગાંધીને લખાવવાની રહેશે.

આ પ્રોગ્રામ આપણે બધા ભેગા મળીને ઉત્સાહપૂર્વક ઉદ્વવીશુ.

આખરી નિર્ણય સંસ્થાને આધીન રહેશે.

**નામ લખાવવાનુ સ્થળ :**

**સમીર જયેન્દ્ર ગાંધી :** C/o નીકોસી ટ્રેડીંગ કંપની, ૧૨/૫ , ૧લે માળે, કારમેલોસ બીલ્ડીંગ, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ - ૨, ટે.ન. - ૨૨૦૬૦૨૯૪, ૨૨૦૩૮૦૭૭, (મો.)- ૯૮૨૧૨૩૪૩૦૬

| મંત્રી | સંયોજક | કો.ઓરડીનેટર |
|---|---|---|
| શ્રી ભાવેશ મોદી | શ્રી સમીર ગાંધી | શ્રી સૌમીલ મોદી |

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

સંસ્થા તરફથી ચાલતી **શિક્ષણ સહાય યોજના** માટે રૂા. ૨૫,૦૦૦ તથા નોટબુક રાહત યોજના માટે રૂા. ૨૫,૦૦૦ કુલ્લે રૂા. ૫૦,૦૦૦ નું માતબર દાન શ્રી તુષાર જયંતીલાલ કડકીઆના હસ્તે તેમના પિતા સ્વ. જયંતીલાલ સી. કડકીઆ (વલ્લભધેલા) તથા માતા સ્વ. વસંતિકા જે. કડકીઆની સ્મૃતિમાં સંસ્થાને પ્રાપ્ત થયા છે. સંસ્થા તેમનો આભાર માને છે.

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### આ વખતે રસોત્સવ પ્રસંગે આવેલ
### દાતાઓનું સન્માન કરવાનું નક્કી કર્યુ છે

આ વખતે રસોત્સવમાં હીરક જયંતી પ્રસંગે તથા તા. ૩૦-૬-૨૦૧૩ સુધી મળેલ રૂા. ૧ લાખ કે તેથી વધુ દાનનું વચન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવશે. વધુ વિગતો આવતા અંકમા આપવામાં આવશે.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી,**
**કો.ઓરડીનેટર : શ્રી સૌમીલ મોદી**
**સંયોજક : શ્રી જીગર કડકીઆ**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાર્થના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ (નારાયણ ધ્રુવ સ્ટ્રીટ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫ / ૨૩૪૩૬૮૯૮ / ૯૮૩૩૮૬૭૬૦૧
Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# વિવિધ સમિતિઓ અને હોદ્દેદારોની નામાવલી

શ્રી નટવરભાઈ મોદી (જનસાથી) પુરસ્કૃત BNS જનસથી ટ્રોફી શ્રી દિલીપ એમ. ધારીયા (લાલખા) પુરસ્કૃત BNS લાલખા ટ્રોફી BNS લાલખા બેરા T 20 League શ્રી મુલજીભાઈ ચંદુલાલ ધારીયા, શ્રી પુનમચંદ સાકરલાલ કડકીઆ (બેરા)

**ક્રિકેટ સમિતિ**

| | |
|---|---|
| ચીરાગ ચંદ્રકાંત પરીખ | સંયોજક |
| નિરવ જયેન્દ્ર દેસાઈ | સભ્ય |
| સંજીવ કીરીટ ધારીયા | સભ્ય |
| સંદિપ કીર્તનલાલ ધારીઆ | સભ્ય |
| સમીર રમેશ દેસાઈ | સભ્ય |
| રીપલ બીપીન પરીખ | સભ્ય |
| સમીર પ્રવિણચંદ્ર ધારીઆ | સભ્ય |
| ચીરાગ વસંત મોદી | સભ્ય |
| નીલ્પેશ વસંત મોદી | સભ્ય |
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | કોર્ડીનેટર |
| જીગર મણીકાંત કડકીઆ | કોર્ડીનેટર |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| કલ્પેશ સુરેશ ધારીઆ | પ્રમુખ |
| જાસ્મીન બિપીન શેઠ | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | ખજાનચી |

**શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભઠ્ઠી) પુસ્તક યોજના**

| | |
|---|---|
| જગદીશ શાંન્તીલાલ પરીખ | સંયોજક |
| દીપક નવનીતલાલ શાહ | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| મનોજ રસીકલાલ પરીખ (બખલી) | સભ્ય |
| ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ (ખાસાદાર) | સભ્ય |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| ભાવેશ બિપીન મોદી | મંત્રી |
| જાસ્મીન બિપીન શેઠ | સહમંત્રી |

**શ્રીજી મેડીકલેઈમ યોજના**

| | |
|---|---|
| નિલેષ નવનીતલાલ શાહ | સંયોજક |
| ભરત કાંતીલાલ પરીખ | સભ્ય |
| નિમેષ બાબુલાલ ગાંધી | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| ભાવેશ બિપીન મોદી | મંત્રી |
| જાસ્મીન બીપીન શેઠ | સહમંત્રી |

**શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી મહિલા વિભાગ**

| | |
|---|---|
| પ્રતિમા કિરીટ ધારીયા | સંયોજક |
| પ્રફુલ્લા વિજય મહેતા | સભ્ય |
| સોહિણી યોગેશ કડકીઆ | સભ્ય |
| અમી હિતેશ ધારીઆ | સભ્ય |
| લીના મજુંલ ધારીઆ | સભ્ય |
| અલ્પા સંચીન કડકીઆ | સભ્ય |
| બિજલ અનિશ ગાંધી | સભ્ય |
| દર્શના શ્રેયાશ પરીખ | સભ્ય |
| કુર્પા અમિશ દેસાઈ | સભ્ય |
| સેજલ નિરવ કડકીઆ | સભ્ય |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| ભાવેશ બિપીન મોદી | મંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | ખજાનચી |

**શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ (રંગુનવાલા) ઉપનગર વિભાગ**

| | |
|---|---|
| સુનીલ નવિનચંદ્ર મોદી | સંયોજક |
| ગોપાલ રમણલાલ કડકીઆ | સભ્ય |
| વસંત નટવરલાલ દેસાઈ | સભ્ય |
| નિમેષ બાબુલાલ ગાંધી | સભ્ય |
| જીગર મણીકાન્ત કડકીઆ | સભ્ય |

| | |
|---|---|
| હેમાંશુ મહેન્દ્ર મોદી | સભ્ય |
| દિલીપ નવનીતલાલ ધારીઆ | સભ્ય |
| દિક્ષીત કિર્તનલાલ પરીખ | સભ્ય |
| દેવાંગ રાજેન્દ્ર મોદી | સભ્ય |
| દક્ષેશ સોમાલાલ પરીખ | સભ્ય |
| કેદાર ચીમનલાલ ગાંધી | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| હેમાશું હરેશ દેસાઈ | સભ્ય |
| મયુર રજનીકાંત શાહ | સભ્ય |
| અજય પ્રવિણચંદ્ર દોશી | સભ્ય |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| ભાવેશ બિપીન મોદી | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | ખજાનચી |

**ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર**

**દિવાળી પર્વ આર્થિક રાહત યોજના**

| | |
|---|---|
| દિપક નવનીતલાલ શાહ | સંયોજક |
| ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ | સભ્ય |
| ઉર્વિશ રસીકલાલ મોદી (દેવ) | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| જીગર મણીકાન્ત કડકીઆ | સભ્ય |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| નિલેશ નવનીતલાલ શાહ | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | ખજાનચી |

**ગિરીપૂજા કોકીલાબેન પ્રવીણચંદ્ર પૂનમચંદ**

**બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)**

**જનતા ફી સહાય યોજના**

| | |
|---|---|
| ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ | સંયોજક |
| મધુસુદન ભીખાલાલ કડકીઆ | સભ્ય |
| કીર્તીભાઈ હીરાલાલ કડકીઆ | સભ્ય |
| સતીષ ભીખાલાલ પરીખ | સભ્ય |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| સૌમીલ જીતેન્દ્ર મોદી | ઉપપ્રમુખ |
| નિલેશ નવનીતલાલ શાહ | સહમંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | ખજાનચી |

**શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી**

**શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ**

**સ્વાસ્થય/હૉસ્પિટલ સહાય યોજના**

| | |
|---|---|
| સૌમીલ જીતેન્દ્ર મોદી | સંયોજક |
| કૌશિક કાંતીલાલ કડકીઆ | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| જીગર મણીકાન કડકીઆ | સભ્ય |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| કલ્પેશ સુરેશ ધારીઆ | પ્રમુખ |
| ભાવેશ બિપીન મોદી | મંત્રી |
| નિલેશ નવનીતલાલ શાહ | સહમંત્રી |

**શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા (ધરીવાલા)**

**કોમ્પ્યુટર શિક્ષણ યોજના**

| | |
|---|---|
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | સંયોજક |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| જીગર મણીકાંત કડકીઆ | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |
| ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ | સભ્ય |
| ચિરાગ ચંદ્રકાંત પરીખ | સભ્ય |
| સૌરભ સુરેન્દ્ર પરીખ | સભ્ય |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| ભાવેશ બિપીન મોદી | મંત્રી |
| નિલેષ નવનીતલાલ શાહ | સહમંત્રી |

**મેમ્બરશીપ મેનેજમેન્ટ કમિટિ**

| | |
|---|---|
| સમીર જયેન્દ્ર ગાંધી | સંયોજક |
| કિર્તી હીરાલાલ કડકીઆ | સભ્ય |
| દિલીપ નવનીતલાલ ધારીઆ | સભ્ય |
| ગોપાલ રમણલાલ કડકીઆ | સભ્ય |
| ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |

| | |
|---|---|
| સુનિલ નવીનચંદ્ર મોદી | સભ્ય |
| દિપક નવનીતલાલ શાહ | સભ્ય |
| જીગર મણીકાન્ત કડકીઆ | સભ્ય |
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | સભ્ય |

**હોદ્દેદારો**

| | |
|---|---|
| ભાવેશ બિપીન મોદી | મંત્રી |
| નિકેશ જયેન્દ્ર ગાંધી | ખજાનચી |
| જાસ્મીન બિપીન શેઠ | સહમંત્રી |

**શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ**
**(સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન)**
**શ્રી દક્ષેશભાઈ અને શ્રી નિમેશ કડકીઆ**
**(કડકીઆ એન્ટપ્રાઈઝસ)**
**ઈન્ડોર સ્પોર્ટસ યોજના**

| | |
|---|---|
| સંજય જયંતિલાલ શાહ | સંયોજક |
| અજીત નટવરલાલ મોદી | સભ્ય |
